





## માઉન્ટ કાર્મેલ શાળાના ૪૫મા સ્થાપનાદિનની દબદબાભેર ઉજવણી

માઉન્ટ કાર્મેલ શાળાના ૪૫મા સ્થાપનાદિનની ઉજવણીના ભાગરૂપે તા. ૧૫ જુલાઈ-૨૦૧૫ના રોજ ઉજવણી કરવામાં આવી. શાળાની સ્થાપના કેવી રીતે થઈ તેનો ઈતિહાસ વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યો. ઉપરાંત ધોરણ-૧ થી ૧૦નાં વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્યો તથા સ્થાપિકા મધર મેરીના આશીર્વાદ સર્વે કાર્મેલ સિસ્ટરો પર ઉતરે તેવી પ્રાર્થના પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા સંપન્ન થયું.

# રખડતાં ઢોર શહેરની સુંદરતાની સુવર્ણ થાળમાં લોઢાની મેખ સમાન

### સર્કલો અને રસ્તાની વચ્ચોવચ અડિંગો જમાવતી ગાયોના ટોળાથી ટ્રાફિકમાં અડચણ : છાશવારે તોફાને ચઢતી ગાયો-આખલા વગેરે બાળકો અને વડીલો માટે જોખમરૂપ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરનાં સુંદર રસ્તાઓ અને બાગ બગીચાની સુવર્ણ થાળમાં જો કોઈ લોઢાની મેખ સમાન હોય તો તે રસ્તા વચ્ચે રખડતાં ઢોરોના અડિંગા છે. નગરની શોભામાં પંકચર પાડતાં આ પાસે આ રખડતાં ઢોરો મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યાં છે. વળી, આ સિવાય ગ રોડ પર અને ખ રોડ પર અનેક જગ્યાએ રસ્તાની વચ્ચો વચ ગાયો બેઠેલી હોય છે જેના કારણે ટ્રાફિકમાં પણ ઘણી અડચણ ઉભી થવા પામે છે. પહોળા માર્ગો પર પૂરપાટ વેગે દોડતા વાહનો ને


(તસવીર : કશ્યપ નિમાવત)

ઢોરો ટ્રાફિકમાં પણ ભારે અડચણરૂપ સાબિત થઈ રહ્યાં છે. અનેક ઠેકાણે તોફાને ચઢેલી ગાયો અને આખલાઓને કારણે નાના બાળકો તેમજ વડીલ નગરજનો માટે જોખમરૂપ બનવાની શકયતાઓ પણ ઉભી થવા પામી રહી છે.

નગરમાં દરેક સર્કલોને સુંદર થીમ આધારિત સજાવીને તેનું રિનોવેશન કરવામાં આવ્યું છે. પરંતુ શહેરના મોટા ભાગના સર્કલે રખડતી ગાયોના ટોળે ટોળા અડિંગા જમાવીને બેઠેલી જોવા મળે છે. ભરચક ટ્રાફિકવાળા સર્કલ જેવા કે ઘ-૬ સર્કલ, ૨૪ ચોકડી, ખ-૬ સર્કલ અને ગ-૨ સર્કલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સે-૬ના ખુલ્લા પ્લોટમાં, સે-૨૨માં શોપીંગ સેન્ટર પાસે, સે-૭માં અનેક ઠેકાણે અને વાવોલ ફાટક બાઈકસવારો માટે આ ગાયોના કારણે અકસ્માત થવાની શકયતાઓ રહેલી છે.

ગાંધીનગરની જીઆઈડીસીથી વાવોલ તરફના ક માર્ગે પણ ગોકુલપુરા પાસેના આ ઢોરોના અડિંગા કાયમી બની જવા પામ્યાં છે. અહીં પશુપાલકોનો વસવાટ હોવાથી સામાન્ય રીતે જ આ ત્રાસ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. કેટલીક વાર તોફાને ચઢેલી ગાયોને કારણે સાયકલ પર શાળાએ જઈ રહેલા બાળકો અને વરિષ્ઠ મોટી ઉંમરના રાહદારીઓ માટે ભયજનક સાબિત થાય તેમ છે. અનેકવાર આ પ્રકારના નાના મોટા અકસ્માત પણ સર્જાઈ ચુકયા હોવા છતાં તંત્ર દ્વારા આ રખડતા ઢોરોની સમસ્યા પ્રત્યે કયા કારણોસર આંખ મીંચામણા કરાઈ રહ્યા છે તે નગરજનોને મુંઝવી રહ્યું છે.

## કચ્છ મિત્ર મંડળ નવું વર્ષ મનાવશે

ગાંધીનગર, તા.૧૫

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા કચ્છી નવું વર્ષ નિમિત્તે નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી ૧૯ જુલાઈ શનિવાર સાંજે ૪-૦૦ વાગે સેકટર-૨૩ કડી સંકુલ સ્થિત બ્રહ્માણી કૃપા હોલમાં યોજાશે. નૂતન વર્ષાભિનંદન કાર્યક્રમમાં ગુજરાતી-હિન્દી ફિલ્મ કલાકાર શીરાજ રંગવાલાનો હાસ્યથી ભરપૂર હસો અને દિલમાં વસો કાર્યક્રમ યોજાશે. નવા વર્ષના કાર્યક્રમમાં શહેરમાં વસતા કચ્છ કુટુંબોને ઉપસ્થિત રહેવા કચ્છ મિત્ર મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચૌધરી કોલેજમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો


ગાંધીનગર, તા.૧૫

સેકટર-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે મતદાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મતદાન દિવસ-૧૫ને ઈઝી રજીસ્ટ્રેશન, ઈઝી કરેકશન તરીકે જાહેર કરવામાં આવ્યું છે ત્યારે વિદ્યાર્થીનીઓને મતદાર યાદીમાં રહેલી ભુલોને સુધારવા, એક કરતા વધુ નામ યાદીમાં હોવા, ફોટો અલગ હોવો સહિતની માહિતી આપવામાં આવી હતી. વિડીયો દ્વારા ફોર્મ નં. ૬, ૭, ૮ નો કેવી રીતે ઉપયોગ કરવોની વિશેષ માહિતી પુરી પાડવામાં આવી હતી.

## ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળીના હોદ્દેદારોની વરણી

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લિ. વર્ષ ૨૦૧૫-૧૬ના હોદ્દેદારોની આજે



નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ચિલોડા પગાર કેન્દ્ર, શાળાના આચાર્ય હર્ષદકુમાર ચીમનલાલ પટેલ, મંત્રી તરીકે પેથાપુર પગાર કેન્દ્ર શાળાના આચાર્યા અનુપમાબેન કીરીટકુમાર મોદી તથા ઉપપ્રમુખ તરીકે ચાંદખેડા સી.આર.સી. કો. ઓર્ડિનેટર મહેન્દ્રભાઈ રાઠોડની નિમણુંક કરવામાં આવી હતી.

# ઘ-૩ સર્કલે ફરી શટલીયા વાહનોનો જમાવડો થવા લાગ્યો

### સર્કલ પાસે જ ટ્રાફિક જામ કરતી ઈકોવાન અને જીપોના કારણે સ્કૂલના બાળકો અને વરિષ્ઠ રાહદારીઓ પરેશાન : મુસાફરોના જીવના જોખમે ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ચાલકો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના પથિકાશ્રમ એસ.ટી. ડેપો સર્કલ પાસેથી શટલીયા જીપો અને વાહન વગેરે બેરોકટોકપણે દોડી રહ્યાં છે. એટલું જ નહીં પરંતુ આ વાહનોમાં ઓવરલોડ પેસેન્જર પણ ભરવામાં આવી રહ્યાં છે. વળી પેસેન્જર મેળવવા માટે આ વાહનચાલકો સર્કલ પાસે રોડ પર જ જમાવડો કરે છે જેના લીધે દિવસ દરમિયાન અનેકવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા પણ જોવા મળી રહી છે.

પથિકાશ્રમ એસટી ડેપો પાસેના ઘ-૩ સર્કલ નજીક શટલીયા જીપો અને ઈકોવાન તેમજ તુફાન જેવી પેસેન્જર ગાડીઓને ઉભા રહેવા પર અગાઉ ટ્રાફિક પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી. આ કારણે ઘણા સમય સુધી રસ્તા પર ટ્રાફિક જામ થવાની સમસ્યા હળવી થઈ જવા પામી હતી. પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી ફરી એકવાર આ વાહનો બેરોકટોક પણે ઘ-૩ સર્કલની નજીક જ થોભીને પસેન્જર ઉઘરાવવા લાગ્યા છે આ કારણે ફરી એકવાર અહીં ખાસ કરીને પીક અવર્સમાં ખુબ ટ્રાફિક જામ થવા લાગ્યો છે. આ સ્થળે એસટી બસો પણ ઉભી રહેતી હોઈ ઘણી વાર તો આખો રસ્તો થોડા સમય માટે બ્લોક થઈ જાય તેવી પરિસ્થિતિ પેદા થઈ


(તસવીર : કશ્યપ નિમાવત)

રહી છે. આ સંજોગોમાં સૌથી વધુ મુશ્કેલી નાના બાળકો જેઓ શાળાએ જવા આવવા સાયકલ લઈને પસાર થઈ રહ્યા હોય અથવા વડીલ રાહદારીઓ રસ્તો ક્રોસ કરી રહ્યાં હોય તેમના માટે પેદા થઈ રહી છે.

આમ તો શટલીયા વાહનો માટે પટ્રોલ પંપ પાસેની જગ્યા નિયત કરવામાં આવી છે પરંતુ થોડો સમય બધુ સમુસુતરું ચાલ્યા બાદ ફરીથી આ વાહનચાલકો એ સર્કલ પાસે અડીંગો જમાવવાનું ચાલુ કરી દીધું છે. વળી, આ વાહનોમાં ખીચોખીચ ઓવરલોડ પેસેન્જર ભરવામાં આવી રહ્યાં છે તેમજ વાહનચાલકો દ્વારા સુરક્ષાના નિયમો જેવા કે સીટ બેલ્ટ બાંધવો, ચાલુ વાહને મોબાઈલ ફોન પર વાત ન કરવી વગેરેનો છડે ચોક ભંગ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદના ઈન્કમટેક્ષ અને એસજી હાઈવે પર સરખેજ ચોકડી સુધી દોડતા આ શટલીયા વાહનોના ચાલકો ઘણી વખત તો એસટી બસની આગળ જ દોડાવીને બસની રાહ જોતા ઉભેલા પેસેન્જર્સ ઉઘરાવી લે છે. આ માટે તેઓ મુસાફરોના જીવના જોખમે પણ બેફામ ડ્રાઈવીંગ કરે છે. જેના કારણે ઘ-૩ થી ચ-૦ વાયા ઘ-૦ સુધીના માર્ગે જીવલેણ અકસ્માત થવાની શકયતાઓ રહેલી છે. સત્વરે આ શટલીયા વાહન પર અંકુશ મુકાય અને તેમને નિયત કરવામાં આવેલ જગ્યાએથી જ પેસેન્જર બેસાડે અને ઉતારે તે માટે પોલીસે પગલા લેવાની જરૂર છે. આ ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા વાહનચાલકો સામે કડક હાથે કામ લેવાની તાકીદે જરૂરિયાત જણાઈ રહી છે.

# યુ.પી.એસ.સી. પાસ અનુસૂચિત જાતિના પાંચ ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્યના નિવૃત્ત અને પ્રવૃત્ત સરકારી અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે આજે ગાંધીનગરમાં યુ.પી.એસ.સી. પરીક્ષા સફળતાપૂર્ણ રીતે પાસ કરનાર અનુસૂચિત જાતિના પાંચ તેજસ્વી ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો હતો.

સુપ્રિન્ટેન્ડેન્ટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ડૉ. એમ.એમ. પ્રભાકરની અધ્યક્ષતામાં અટિયા બીઝનેશ કોમ્પલેક્ષ, ગાંધીનગર ખાતે 'લક્ષ્ય' અધ્યક્ષ એમ. બી. પરમાર, આઈ.એ.એસ. (નિ.) ડૉ. ડી. ડી. કાપડીયા તથા લક્ષ્યકોર ગૃપના અધિકારીઓ, નિવૃત્ત અને પ્રવૃત્ત અધિકારીઓ, તેજસ્વી છાત્રા, તાલીમાર્થીઓની ખીચોખીચ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સન્માન સમારોહમાં બોલતા ડૉ. એમ. એમ. પ્રભાકરે નવી પેઢીના યુવક-યુવતિઓને જીવનના લક્ષ્યને પુરવાર કરવાની સાથે, જે સમાજમાંથી તેઓ આવે છે, તેમના તરફથી સામાજિક નિસ્બત નિભાવવા પણ અનુરોધ કર્યો હતો અને જીવનમાં પડકારોથી કદાપી ન ડરવા સલાહ આપી હતી.

'લક્ષ્ય' પ્રવૃત્તિઓની રૂપરેખા અને ભાવિ આયોજનની વિગતો



આપતા એમ.બી. પરમારે 'લક્ષ્ય' દ્વારા એક જ વર્ષના ટૂંકા ગાળામાં એ.એસ.આઈ., પો. કોન્સ્ટેબલ્સ, નાયબ મામલતદાર, તલાટી, મંત્રી, કારકુન, પછી આજથી સ્ટાફ સિલેકશન કમીશન અને બેન્ક ઓફિસર માટેના તાલીમ વર્ગોનું ચોથુ સોપાન શરૂ થઈ રહ્યું છે, તેનો આનંદ વ્યક્ત કરી, આજના પ્રસંગે અનુસૂચિત જાતિના યુ.પી.એસ.સી. પાસ ઉમેદવારોની ઉપસ્થિતિને અત્યંત પ્રેરક ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે આગામી ૧લી ઓગષ્ટથી મહેસુલી તલાટી-મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો પણ 'લક્ષ્ય'ના ઉપક્રમે શરૂ કરવામાં આવનાર છે.

યુ.પી.એસ.સી. (૨૦૧૪)ની કઠિન પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ દલિત સમાજના પાંચ ઉમેદવારો સર્વ ઉત્સવ પરમાર, નીરવ સુતરિયા, નીરવ પટેલ, કિરાનેન્દુ આર્ય સૌનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન દ્વારા દબદબાભર્યુ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે હોલ આખો તાળીઓથી ગુંજી ઉઠ્યો હતો.

ઉપસ્થિત આ તેજસ્વી તારલા સમા પાંચ ઉમેદવારો પૈકી નીરવ પટેલ, ઉત્સવ પરમાર અને તેજસ સુતરિયાએ, હવે પછી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા જઈ રહેલા અને આ સમારોહમાં ઉપસ્થિત તાલીમાર્થીઓને એમના સંઘર્ષ અને કઈ મુશ્કેલીઓ અને પડકારો વચ્ચે તેમણે આ સફળતા સર કરી તેની વાત કરી હતી. આ ઉમેદવારો પૈકી શ્રી નીરવ પટેલે પરીક્ષા આપતી વેળાએ અને જીવનમાં પણ સમસ્યાઓ કરતાં તેનો ઉકેલ તરફ વધુ ધ્યાન આપવા અને શું કરવું એ કરતાં શું ન કરવું એ તરફ વધુ લક્ષ્ય આપવા જણાવ્યું હતું.

ચાર નવરાત્રી કે બીજા કોઈ તહેવારો ઉજવ્યા વિના માત્ર વાંચ્યું જ છે તેમ જણાવી, એકાગ્ર થઈ અભ્યાસ કરવાની સાથે, પોતાનામાં રહેલી ટેલેન્ટને કદાપિ નહી દબાવવાનો અનુરોધ કર્યો હતો. શ્રી ઉત્સવ પરમાર, સૌ તાલીમાર્થીઓને એકવાર ડૉ. બાબાસાહેબના સંઘર્ષભર્યા જીવનવૃતાંતને વાંચી જઈ, નોકરી ગમે ત્યાં કરો પણ સામાજીક સંદર્ભ સાથે તેને નિભાવવા અપીલ કરી હતી. જ્યારે શ્રી તેજસ સુતરિયાએ સ્પીપાના વાતાવરણ અને ત્યાંથી સમૃદ્ધ લાયબ્રેરીનો જિકર કરીને, પોતે કેવી દૃઢ નિર્ણયશક્તિને કારણે આ સફળતાને પામી શકયા તેની વિગતે વાત કરી હતી. પોતે પારાવાર આર્થિક સંકડામણ વચ્ચે આ પરીક્ષા પાસ કરી હોવા છતાં, આર્થિક મુશ્કેલીઓને પણ એક પડકાર તરીકે લઈએ.

# એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં પદગ્રહણ સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી.અંગ્રેજી માધ્યમની -થમિક શાળામાં આજે સવારે નાથીબા હૉલમાં આમંત્રિત મહેમાનશ્રીઓની ઉપસ્થિતિમાં શાળાના કેપ્ટન ,વાઈસ કેપ્ટન ,સ્પોર્ટ્સ કેપ્ટન અને હાઉસ કેપ્ટન શરૂઆતમાં આમંત્રિત મહેમાનો દ્વારા દીપ -ાગટય કરવામાં આવ્યું હતું .ત્યારબાદ શાળાના કેપ્ટન નવ્યા નાયર ,શ્રેય -જાપતિ અને શાળાના વાઈસ કેપ્ટન શ્રુત પંડ્યા ,સૂચિ પટેલને મહેમાનશ્રીએ પદગ્રહણ કરાવી બેચીસ અર્પણ કર્યા હતા .શાળાના ધોપ થી ૬ ના દરેક રાજપુરોહિત ,યલ્લો હાઉસના કેપ્ટન તરીકે ધ્વનિ દેસાઇ ,ઓરેંજ હાઉસના કેપ્ટન તરીકે પવન પટેલ ,બ્લૂ હાઉસના કેપ્ટન તરીકે -િયાંશુ જિંગલ અને રેડ હાઉસના કેપ્ટન તરીકે પરમ ચૌધરી ની નિયુક્તિ કરી પદગ્રહણ કરશવવામાં આવ્યું હતું . આજના પદગ્રહણ સમારોહમાં દરેક



તેમજ વર્ગ -તિનિધિઓનો પદગ્રહણ અને શપથ વિધિ સમારોહ યોજાયો હતો . નાનપણથી જ બાળકોમાં નેતૃત્વ ની શક્તિ ખીલે તેમજ બાળક પોતાની કામગીરી સમજે અને ફરજને અનુરૂપ નિયત સમય મર્યાદામાં પોતાની કામગીરી પૂર્ણ કરે તે માટે સમગ્ર શાળાના વિધ્યાર્થીઓ માટે નો -ોત્સાહિત કરતો કાર્યક્રમ આજે યોજાયો હતો. જેનાથી વિધ્યાર્થીઓ જીવનરૂપી સંસ્કારોને કેળવી વ્યવહારુ બનશે.

શાળાના પદગ્રહણ અને શપથ વિધિ સમારોહમાં આમંત્રિત મહેમાન શ્રી નલિન જાની (ડાયરેકટર ,એસ.કે.પટેલ એમ.સી.એ.ઈન્સ્ટિટ્યૂટ) અને એસ.કે.પટેલ,બી.બી.એ.ના એચ.ઓ.ડી.શ્રી પુષ્ટી સર ખાસ ઉપસ્થિત રહ્ના હતા . કાર્યક્રમની વિધ્યાર્થીને ગ્રીન હાઉસ ,રેડ હાઉસ ,ઓરેંજ હાઉસ ,યલ્લો હાઉસ અને બ્લૂ હાઉસમાં વહેચી તેના કેપ્ટનની નિયુક્તિ ગત અઠવાડિયે કરવામાં આવી હતી .જેમાં પસંદગી પામેલ હાઉસ કેપ્ટનને આજે પદગ્રહણ કરાવવામાં આવ્યા હતા . ગ્રીન હાઉસના કેપ્ટન તરીકે સાક્ષી -તિનિધિને શપથ લેવડાવી સમગ્ર વર્ષ દરમિયાન યોગ્ય કામગીરી કરવા જણાવ્યુ હતું .આ -સંગે ગત વર્ષની સ્કૂલ કેપ્ટન દેવાંશી પટેલે પોતાના અનુભવો વ્યકત કર્યા હતા .નિયુક્ત પામેલા -તિનિધિઓને શુભેચ્છા પાઠવી હતી .આ -સંગે આભાર વિધિ શાળાની વાઈસ કેપ્ટન શુચિ પટેલે કરી હતી.

## આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી કૈલાસ માનસરોવરના યાત્રિકોને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રીશ્રી ગુરૂવારે સાંજે ગાંધીનગર ટાઉનહોલમાં આયોજિત કૈલાસ માનસરોવર યાત્રિકોના અભિવાદન કાર્યક્રમમાં ૨૦૧૨-૧૩-૧૪માં આ યાત્રા પૂર્ણ કરનારા યાત્રિકોને સ્મૃતિચિહ્ન અને પ્રોત્સાહિત સહાયના ચેક અર્પણ કરશે. શ્રીમતી આનંદીબહેન બપોર બાદ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર સંકુલના વિસ્તૃતીકરણ અને બ્યૂટીફિકેશન કામો સાથે ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ પર સોલાર સિસ્ટમના લોકાર્પણ અંબાજીમાં કરવાના છે.

# ગાંધીનગરમાં બાબા સાહેબ આંબેડકરના જીવનચરિત્ર પર નાટક-ભવાઈવેશ યોજાશે

ગાંધીનગર,તા.૧૫

ડૉ.બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તેસામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭ અને ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્ર પર નાટક અને ભવાઈવેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૧૭મી જુલાઈના રોજ સાંજના ૭.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્ર પર ભારત ભાગ્ય વિધાતા નાટક ઓડીટોરીયમ હોલ, જી.એમ.ઈ.આર.એસ, મેડીકલ કોલેજ, સેકટર ૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. આ નાટકને આરોગ્ય, તબીબી શિક્ષણ અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા, જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોર અને ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે નિહાળવા ખાસ ઉપસ્થિત રહેશે.

તે ઉપરાંત તા. ૧૮મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સાંજના ૮.૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન ચરિત્ર પર ભવાઈવેશ કાર્યક્રમ અંબિકા ચોક, શોપીંગ સેન્ટર, સેકટર ૧૩/એ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ બન્ને કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના માર્ગદર્શન હેઠળ અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી બી.પી.સોયતંર અને તેમની ટીમ કામ કરી રહી છે.